<u>ક્રો.પ.અ.નં.૩૫૯૦/૨૦૨૬</u>

<u>રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે.પ્રોહી. ગુ.ર.નં.૧૧૨૦૮૮૦૫૫ ૨૬૦૨૨૯/૨૬, પ્રોહી. એકટની કલમ ૬૫ (એ)(એ), ૯૮(૨) મુજબના ગુન્હાના કામે અરજદાર અનીલભાઈ હમીરભાઈ ચૌહાણ, રહે.સહજાનંદ સ્મૃતી પાર્ક, બ્લોક નં.૫, રૂદ્ર સુપર માર્કેટ સામે, વડ વાજડી, તા.લોધીકા, જી.રાજકોટ નાઓની મુદામાલ અરજી લગત હુકમ :–</u>

૧) હાલની અરજી અરજદારઅનીલભાઈ હમીરભાઈ ચૌહાણ , રહે.સહજાનંદ સ્મૃતી પાર્ક, બ્લોક નં.૫, રૂદ્ર સુપર માર્કેટ સામે, વડ વાજડી, તા.લોધીકા, જી.રાજકોટ નાઓએ રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે.પ્રોહી. ગુ.ર.નં.૧૧૨૦૮૮૦૫૫ ૨૬૦૨૨૯/૨૬, પ્રોહી. એકટની કલમ ૬૫ ઈ, ૮૯(૨) મુજબના ગુન્હાના કામે કબજે લેવામાં આવેલ મુદામાલ પાવતી મુજબનું મુદામાલ વાહન બજાજ મેકસીમા કાર્ગો સી .એન.જી.રીક્ષા રજી.નં.જી.જે.૦૩.બીએકસ.૭૯૧૩ છે, તે પરત મેળવવા અંગે તા.૨.૫.૨૦૨૬ ના રોજ અરજી આપેલ છે અને અરજી સાથે અરજદારે આધાર કાર્ડ અને વાહનની આર.સી.બુકની ઝેરોક્ષ રજુ રાખેલ છે. જે ધ્યાને લીધા.

૨) સદર અરજી આવતા ત.ક.અમલદારને અભિપ્રાય તથા પંચનામાની કોપી રજુ કરવા ચાદી કરેલ. ત.ક.અધિકારીએ આરોપીએ મુદામાલ વાહનનો ઉપયોગ પ્રોહીબીશનના ગુન્હામાં કરેલ હોય અરજદારને ગાડી સોંપવામાં આવશે તો ફરી વખત પ્રોહી.અથવા અન્ય કોગ્રી.ગુન્હામાં ઉપયોગ કરે તેવી પુરી શકયતા હોય તેમજ જયાં સુધી આ કેસનું ટ્રાયલ પુરુ ન થાય ત્યાં સુધી આ ગાડી વેંચી નાખે તેવી પુરી શકયતા હોય મુદામાલ વાહન અરજદારને પરત નહિ સોંપવાનો અભિપ્રાય આપેલ છે.

૩) સદર કામે રજુ થયેલ વાહનની આર.સી.બુકની ઝેરોક્ષ ધ્યાને લેતાં તેમાં વાહનના માલિક તરીકે હાલના અરજદારનું નામ જણાય આવે છે. જેથી સદરહુ મુદામાલ વાહનની માલિકી પ્રથમદર્શનીય રીતે અરજદારની જણાય

આવે છે. પરંતુ ત.ક.અધિકારીનો અભિપ્રાય અને આ કામનું રેકર્ડ જોતાં આ કામના અરજદારના મુદામાલ વાહનમાંથી ગેરકાયદેસર પાસ પરમીટ કે આધાર વગર પીવાનો દેશી દારુ લીટર–૨૮૦, કિંમત રુ.૫૬,૦૦૦/– ના મુદામાલ દારુનું વેંચાણ અર્થે હેરાફેરી કરી રાખી મળી આવતા મુદામાલ વાહન કબજે કરવામાં આવેલ છે. તેમજ કબજે કરવામાં આવેલ વિદેશી દારુનો જથ્થો ૨૦ લીટર કરતા વધુ હોવાનું જણાય આવે છે. તેમજ અરજદારના સદર વાહનમાંથી દારુ કબજે કરેલ છે. જે બાબત ધ્યાને લેતાં, નવા સુધારેલા ગુજરાત પ્રોહી.એકટની કલમ ૯૮(૨) વંચાણે લેતાં, સદર મુદામાલ વાહન આખરી ચુકાદા સુધી વચગાળાની કસ્ટડીમાં પરત સોંપી શકાય નહિ.જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે.પ્રોહી. ગુ.ર.નં.૧૧૨૦૮૮૦૫૫ ૨૬૦૨૨૯/૨૬, પ્રોહી. એકટની કલમ ૬૫ (એ)(એ), ૯૮(૨) મુજબના ગુન્હાના કામે અરજદાર અનીલભાઇ હમીરભાઇ ચૌહાણ, રહે.સહજાનંદ સ્મૃતી પાર્ક, બ્લોક નં.૫, રૂદ્ર સુપર માર્કેટ સામે, વડ વાજડી, તા.લોધીકા, જી.રાજકોટ નાઓની મુદામાલ પાવતી મુજબનું મુદામાલ વાહન બજાજ મેકસીમા કાર્ગો સી.એન.જી.રીક્ષા રજી.નં.જી.જે.૦૩.બીએકસ.૭૯૧૩ ની વચગાળાની કસ્ટડીએ પરત સોંપવાની હાલની અરજી નામંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૧૧ મી, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧–૦૬–૨૦૨૬
રાજકોટ

**(સુનંદા પ્રશાંત દુલેરા)**
ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ,
રાજકોટ.
કોડ નં.GJ00887